# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-05-2024 Evening : 7.50 to 8.00
Day : Friday National News

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

*************************************************

- લોકસભાની સાતમા અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ - ચૂંટણીના બાકી તબક્કા માટેનો પ્રચાર વેગવાન બન્યો.
- કેન્દ્રિય ચૂંટણી પંચે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અંગે ભાજપના અભીજીત ગંગોપાધ્યાયે કરેલી કથિત અપમાનજનક ટિપ્પણીના કેસમાં તેમને કારણદર્શાવો નોટીસ પાઠવી.
- ભારતને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવામાં દેશનું ખાનગી ક્ષેત્ર મહ્ત્વની ભૂમિકા ભજવશે.
- દિલ્હીમાં ઓએનડીસી સ્ટાર્ટઅપ મહોત્સવનો આજથી આરંભ થયો.
- સર્વોચ્ચ અદાલતે અરવિંદ કેજરીવાલે મની લોન્ડરીંગ કેસમાં ઇડી દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી કરેલી અરજી પરનો ચૂકાદો અનામત રાખ્યો.

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## 7TH PHASE WITHDRAWAL

લોકસભાની આગામી પહેલી જૂને યોજનારી સાતમા અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ

હતો. સાતમા તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે પહેલી જૂનના રોજ મતદાન થવાનું છે. જેમાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક પર મતદાન થશે.

લોકસભાની બધી જ બેઠકોની મતગણતરી આગામી 4થી જૂને હાથ ધરાશે.

## CAMPAIGN

લોકસભાની ચૂંટણીના બાકી તબક્કા માટેનો પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના હમીરપુર જીલ્લામાં આજે ચૂંટણીસભાને સંબોધતાં લઘુમતિઓ માટેની અનામતના મુદ્દે કોંગ્રેસની નીતીની ટીકા કરી હતી. પ્રધાનમંત્રીએ આજે ઉત્તરપ્રદેશમાં 3 ચૂંટણી રેલિઓને સંબોધી હતી.

ભાજપના વરિષ્ઠનેતા અમિત શાહ ઝારખંડના રાંચીમાં આજે રોડ શો યોજશે.

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્ર સરકારે દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા છેલ્લા 10 વર્ષમાં લીધેલા પગલાંઓની અસર દેખાતી નથી. તેમણે અરવલી પર્વતમાળામાં વનવિસ્તારનું નિકંદન દિલ્હી નજીક આવેલા થર્મલ વીજમથકો અને યમુનાલ નદીમાં પ્રદૂષણ જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા.

## EC-GANGOPADHYAY

કેન્દ્રિય ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અંગે બંગાળની તમલુક લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અભીજીત ગંગોપાધ્યાયે કરેલી કથિત અપમાનજનક ટિપ્પણીના કેસમાં ગંગોપાધ્યાયને કારણદર્શાવો નોટીસ

પાઠવી છે. ચૂંટણીપંચે સોમવાર સાંજ સુધીમાં કારણદર્શાવો નોટીસનો પ્રતિભાવ આપવાનો નિર્દેશ પણ આપ્યો છે.

ચૂંટણીપંચે જણાવ્યું છે કે, ગંગોપાધ્યાયે કરેલી ટીપ્પણી અયોગ્ય અને ગૌરવને ઠેસ પહોંચાડનારી જણાય છે. તેમજ આમ થવાથી આદર્શ આચારસંહિતાનું પ્રથમ નજરે ઉલ્લંઘન થતું જણાય છે.

ઉલ્લેખનીય છે કે, તૃણમૂલ કોંગ્રેસે ગંગોપાધ્યાય દ્વારા બંગાળના હલ્દિયા ખાતેની જાહેરસભામાં મુખ્યમંત્રી મમતા બેનરજી સામે કરાયેલી કથિત ટિપ્પણી અંગે ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરી હતી.

## SITHARAMAN- CII BUSINESS SUMMIT

કેન્દ્રિય નાણામંત્રી નિર્મળા સીતારમણે જણાવ્યું છે કે, ભારતને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવામાં દેશનું ખાનગી ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવશે. આજે દિલ્હીમાં વેપાર ઉદ્યોગક્ષેત્રની સંસ્થાના એક કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે, આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક અર્થતંત્રના વિકાસમાં ભારત 18 ટકા જેટલું યોગદાન આપશે. દેશના ઉત્પાદન અને સેવા ક્ષેત્રનો સતત વિકાસ થઇ રહ્યો છે. તેથી ઝડપથી વિકસતું ભારતનું અર્થતંત્ર આગામી વર્ષોમાં પણ ઝડપી વિકાસ સાધશે.

નાણામંત્રીએ કહ્યું કે, સતત પરિવર્તન વિનાનું એટલે કે, સ્થિર આર્થિક નિતીના કારણે દેશનો ટકાઉ આર્થિક વિકાસ શક્ય બન્યો છે.

## ONDC-STARTUP-MAHOTSAV

ભારતીય સ્ટાર્ટ અપ પહેલ અને ઓએનડીસીના સંયુક્ત ઉપક્રમે દિલ્હીમાં ઓએનડીસી સ્ટાર્ટઅપ મહોત્સવનો આજથી આરંભ થયો છે. આ મહોત્સવમાં દેશના પાંચ હજારથી વધુ સ્ટાર્ટઅપ ભાગ લઇ રહ્યા છે. મહોત્સવના ઉદઘાટન સમારોહમાં ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગના સચિવ રાજેશકુમાર સિંહે

સ્ટાર્ટઅપના વિકાસ અને નવકલ્પનાને પ્રોત્સાહન આપે તેવી વ્યવસ્થા ગોઠવવા અંગે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી છે.

ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગના સંયુક્ત સચિવ સંજીવે સ્ટાર્ટઅપ અને ઓએનડીસી વચ્ચે સહકાર ચાલુ રાખવાના કેન્દ્ર સરકારના આયોજનની વિગતો આપી હતી.

## IPL-CRICKET

આઇપીએલ ક્રિકેટમાં મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઇ ઇન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચેની લીગ મેચમાં મુંબઇ ઇન્ડિયન્સે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે.

છેલ્લા સમાચાર મળ્યા ત્યારે લખનઉ સુપર જાયન્ટસ ટીમે 3 ઓવરમાં 1 વિકેટે 14 રન કર્યા છે.

## SC-KEJRIWAL

સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મની લોન્ડરીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી કરેલી અરજી પરનો ચૂકાદો અનામત રાખ્યો છે.

જો કે, સર્વોચ્ચ અદાલતે આ કેસમાં નિયમિત જામીન મેળવવા ટ્રાયલ અદાલતમાં જવાની અનુમતિ અરવિંદ કેજરીવાલને આપી છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી બેચે ધારાશાસ્ત્રી અભિષેક સિંઘવી અને એડિશનલ સોલીસીટર જનરલ એસ.વી.રાજુ દ્વારા કરાયેલી દલીલો બાદ અરવિંદ કેજરીવાલના કેસનો ચૂકાદો અનામત રાખ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગત 21મી માર્ચે એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા અરવિંદ કેજરીવાલની ધરપકડ કરાઇ હતી.

## J-K-NAVYUG-TUNNEL

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના જમ્મુથી શ્રીનગર સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલી નવયુગ ટનલ ખાતે કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ચહેરાથી ઓળખ કરતી ખાસ વ્યવસ્થા આજથી શરૂ કરાઇ છે.

અમારા જમ્મુના સંવાદદાતા જણાવે છે કે, એઆઇ આધારીત આ પદ્ધતિ ગુનાઇત ઇતિહાસ ધરાવતા લોકો, કેફી પદાર્થોનું વેચાણ કરતા આરોપીઓ સહિત વિવિધ ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ઓળખવામાં મદદ કરે છે. આ પદ્ધતિના આરંભ સાથે જમ્મુ અને કાશ્મીરમાં જાહેર સલામતિ મજબૂત બનાવવાની દિશામાં મહત્વનું પગલું લેવાયું છે.

## JAISHANKAR-CII

વિદેશમંત્રી એસ.જયશંકરે વિશ્વાસ વ્યકત કર્યો છે કે, ભારત પોતાની આંતરિક શક્તિનો વિકાસ કરીને આવનાર સમયમાં વધુ શક્તિશાળી અને મોખરાનો દેશ બની રહેશે.

આજે દિલ્હીમાં વેપાર ઉદ્યોગના એક કાર્યક્રમમાં તેમણે વધુમાં કહ્યું કે, ભારતે વેપાર ઉદ્યોગને અનુકૂળ, સ્પર્ધાત્મક અને ક્ષમતાઓના વિકાસ માટે યોગ્ય વાતાવરણના નિર્માણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. તેમણે દેશના વેપાર ઉદ્યોગના વિકાસ માટે હાથ ધરાયેલા સુધારાઓ, આર્થિક વ્યવસ્થા, માળખાકીય સુવિધાઓનો વિકાસ અને કૌશલ્ય વિકાસ વગેરેની વિગતો આપી હતી.

શ્રી જયશંકરે કહ્યું કે, કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં સહકાર વધારવા પરસ્પર વિશ્વાસ અને પારદર્શકતા કેન્દ્રમાં રાખવા જોઇએ અને આ હેતુથી તેમણે વેપાર ઉદ્યોગ ક્ષેત્રનો સહકાર જરૂરી ગણાવ્યો હતો.

## Shekh Hasina. Home coming day

આજે બાંગલાદેશમાં સત્તાધારી પક્ષ અવામી લીગ દ્વારા પ્રધાનમંત્રી શેખ હસીનાનો 44મો હોમ કમિંગ ડે મનાવવામાં આવ્યો હતો. 15 ઓગસ્ટ, 1975નાં રોજ

શેખ હસીનાનાં પિતા બંગબંધુ શેખ મુજીબર રહેમાન અને તેમનાં પરિવારનાં મોટા ભાગનાં સભ્યોની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. તે દિવસે શેખ હસીના અને તેમનાં બહેન શેખ રેહાના દેશની બહાર હોવાથી તેઓ બચી ગયા હતા. આ ઘટના બાદ ભારત સરકારે  શેખ હસીનાને આશ્રય આપ્યો હતો. તેઓ 17 મે, 1981નાં રોજ બાંગલાદેશ પાછા ફર્યા હતા, આ દિવસની યાદમાં આજે હોમ કમિંગ ડે મનાવવામાં આવી રહ્યો છે. આજે ઢાકામાં આ પ્રસંગે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## DGFT-SUMMIT ON TRADE FINANCE

વેપાર ક્ષેત્રે પરંપરાગત પધ્ધતિના પગલે ટેકનોલોજી આધારીત પદ્ધતિના ઉપયોગમાં ભારતે નોંધપાત્ર પ્રગતિ કરી છે. વેપાર અને ઉદ્યોગમંત્રાલયના વિદેશવેપાર વિભાગના મહાનિદેશાલયના તિરૂમલા વેંકટેશે આજે નવી દીલ્હીમાં યોજાયેલ વેપાર અને આર્થિક ક્ષેત્રની સર્વગ્રાહી વિકાસ અંગેની રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વિદેશવેપાર ક્ષેત્રે પ્રોત્સાહક પ્રયાસોમાં ભારત 93.55 ટકાના સ્કોર સાથે મોખરે છે. ડીજીટલ અને ટકાઉ વેપાર સુવિધા અંગેના રાષ્ટ્ર સંઘના સર્વેક્ષણમાં ભારતે આ ક્ષેત્રે કરેલી પ્રગતિની નોંધ લેવાઇ છે.

તેમણે દેશની વેપાર ક્ષેત્રની ભવિષ્યની જરૂરિયાતો અને આ ક્ષેત્રના વિકાસને સુનિશ્ચિત કરવા આધુનિક ટેકનોલોજી અને વિશ્વસ્તરની શ્રેષ્ઠ વેપાર પદ્ધતિઓ તારવી કાઢવા વેપારીઓ, બેન્ક અધિકારીઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓને અનુરોધ કર્યો હતો.